ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૧૪/ યુઓઆર- ૬/સ
તા.૩૦/૦૫/૨૦૧૯.

**વંચાણે લીધા:**

(૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્ર:પરચ/૧૦૨૦૧૪/યુઓઆર-૬/સ તા.૦૭/૧૦/૨૦૧૫.
(૨) શિક્ષણ વિભાગના ઠરાવ ક્ર:પરચ/૧૦૨૦૧૪/યુઓઆર-૬/સ તા.૦૪/૦૬/૨૦૧૬.
(૩) શિક્ષણ વિભાગના ઠરાવ ક્ર:પરચ/૧૦૨૦૧૪/યુઓઆર-૬/સ તા.૦૩/૦૮/૨૦૧૮.

**આમુખ:-**

રાજ્યના ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માંગતા તેજસ્વી અને જરૂરીયાતમંદ વિધાર્થીઓની કારકિર્દીના ઘડતર માટે આર્થિક સહાય તેમજ અન્ય સવલતો સમાન ધોરણે મળી રહે તે હેતુથી વંચાણે લીધેલ ઠરાવ (૧) થી શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬ થી 'મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના' અમલમાં મૂકવામાં આવેલ છે.

મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત વાર્ષિક રૂ.૬.૦૦ લાખ સુધીની આવક ધરાવતા વાલીઓના સંતાનો સહાય મેળવવા માટે લાયક ગણાય છે. કેટલાક વાલીઓ તરફથી શિક્ષણ વિભાગને એવી રજૂઆત કરવામાં આવેલ છે કે, કેટલીક આવકો જેવી કે, ઉચ્ચતર પગાર ધોરણના તફાવતનું એરિયર્સ, PPFનું વ્યાજ, નિવૃત્તિ સમયે મળતા લાભ જેવા કે લીવ એલાઉન્સ, લીવ એન્કેશમેન્ટ, ગ્રેજ્યુએટી, પ્રોવિડંડ ફંડ, સર્વિસ દરમ્યાન કપાત પગાર પરત મળવાના કારણે તેઓનાં કુટુંબની વાર્ષિક આવક રૂ.૬.૦૦ લાખની મર્યાદાથી વધી જવા પામે છે. આથી આવી આવકને ધ્યાને લીધા વગર, આવા પરિવારના વિધાર્થીને પ્રસ્તુત યોજના અંતર્ગત ફી માફીનો લાભ મળવો જોઈએ.

ઉર્પયુક્ત કારણોસર, વાલીની કૌટુંબિક વાર્ષિક આવકમાં થતો વધારો, વાલીની કુલ આવક ગણતી વખતે ધ્યાનમાં લેવો જોઈએ નહી. વાલીઓની ઉક્ત રજૂઆતનો, વ્યવહારિક રીતે અભ્યાસ કરતા, તે રજૂઆત યોગ્ય જણાતી હોઈ, આવા કિસ્સામાં આવકમાં થયેલ વધારો ક્ષમ્ય ગણીને, ફી માફીનો લાભ આપવાની બાબત રાજ્ય સરકારની સક્રીય વિચારણા હેઠળ હતી.

**સુધારા ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે, મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત, જયારે કોઈ વ્યક્તિની કૌટુંબિક વાર્ષિક આવક સામાન્ય રીતે, રૂ. ૬.૦૦ લાખની અંદર હોય, પણ જે તે વર્ષે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનામાં અરજી કરેલ હોય, તે વર્ષમાં મિલકત વેચાણની આવક, ઉચ્ચતર પગાર ધોરણનો તફાવતનું એરિયર્સ, PPFનું વ્યાજ, નિવૃત્તિ સમયે મળતા લાભ જેવા કે લીવ એલાઉન્સ, લીવ એન્કેશમેન્ટ, ગ્રેજ્યુએટી, પ્રોવિડંડ ફંડ, સર્વિસ દરમ્યાન કપાત પગાર પરત મળવાના કારણે તેની આવક વધે તેવા કિસ્સાઓમાં રૂ.૧૧.૦૦ લાખ સુધીની, એટલે કે આવકમર્યાદા કરતા રૂ.૫.૦૦ લાખ વધુ આવક હોય, તેવા કિસ્સામાં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના સહાય મળવાપાત્ર રહેશે.

ઉપર જણાવેલ સુધારાનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯થી કરવાનો રહેશે. વંચાણે લીધા (૧), (૨), અને (૩) સામે દર્શાવેલ આ વિભાગનાં ઠરાવોની અન્ય શરતો/જોગવાઈઓ યથાવત રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સરકારશ્રીની તા. ૧૫/૦૩/૨૦૧૯ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( રોનક મહેતા )
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,
- નામ. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, માન. મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ)ના અંગત સચિવશ્રી, સચિવાલય
- માન. મંત્રીશ્રી (નાણાં) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (મહેસુલ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (આદિજાતિ વિકાસ) ના અંગત સચિવશ્રી, સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (કૃષિ,સહકાર અને પશુપાલન) ના અંગત સચિવશ્રી, સચિવશ્રી, સચિવાલય
- માન. રા.ક. મંત્રીશ્રી (ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય,
- માન. રા.ક. મંત્રીશ્રી (પ્રાથમિક શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, (નાણાં) નાણાં વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, (આરોગ્ય) આરોગ્ય વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, (ઉચ્ચ અને ટેક. શિક્ષણ) શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (મહેસૂલ) મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (ખેતી, સહકાર) કૃષિ, સહકાર અને પશુપાલન વિભાગ સચિવાલય
- સચિવશ્રી, (શિક્ષણ) શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (આદિજાતિ વિકાસ વિભાગ), સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (આ.બા.) નાણાં વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ) નાણાં વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, કે.સી.જી., અમદાવાદ
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- ડાયરેક્ટરશ્રી, નેશનલ ઇન્ફર્મેટીક્સ સેન્ટર (એન.આઇ.સી.), ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ / રાજકોટ.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ના.સે.અધિ. સિલેક્ટ ફાઈલ.